સર્ગ ૯

# પ્રાણના દેવતાઓનું સ્વર્ગ

અશ્વપતિની આસપાસ સુખશર્મનો મનોહર દિવસ પ્રકાશ્યો. કો એક આનંદમય અનંતનો એનામાં ઉલ્લાસ હતો. એના સોનેરી સુહાસમાં મુક્ત હૃદયાનંદ રમતો હતો. પ્રભુના મદ્યથી ઉન્મત્ત એ જ્યોતિમાં ઝબોળાઈ સદાને માટે સ્વર્ગીય બની ગયો હતો. પોતાની શક્તિનો એ સ્વામી હતો, નિજાનંદનો નાથ હતો. શોક, ભય અને દૈવ આઘાત કરી એને આકુળ કરી શકતાં નહિ. મૃત્યુને આમંત્રતી આપણા દેહની ભંગુરતાનો એ ભોગ બન્યો નહોતો. પ્રભુના હાસ્યના મધુર મેળમાં રહેતો એ વિશ્વવ્યાપી પ્રેમને હૃદયે પોઢયો હતો. આનંદનો આત્મા સૂર્યપ્રભા ને ચંદ્રપ્રભાનાં વૃન્દોને લઈ, અલૌકિક પુષ્પોની સુવાસ સેવતો, ઊર્મિગીત આલાપતા અશોક સ્રોતોને કિનારે કિનારે વિહરતો હતો. મહીધરોનાં મસ્તકો પર મહસો હાસ્ય કરતાં હતાં. કાળની ઘડીઓ સાથે પ્રહર્ષણનો પ્રાણોચ્છ્વાસ પ્રવહમાન બની ગયો હતો. અશ્વપતિ ત્યાં અમર આનંદનાં દૃશ્યોમાં થઈ સુખસૌન્દર્યની અગાધતાઓનાં દર્શન કરતો જતો હતો. આસપાસ પ્રસર્યો હતો સચેતન સૂર્યોનો પ્રકાશ. ઝગમગતી શાન્તિના વિસ્તારો વિલોકાતા હતા. ધન્યાત્માઓના પર્વતો પ્રત્યક્ષ થતા હતા, ગિરિકંદરાઓની કાંતિ આકર્ષતી હતી. નીચેની બાજુએ સ્વપ્ન સેવતાં ગંધર્વનગરો રત્નખચ્યા વિચારો જેમ વિરાજતાં હતાં. સુમધુર સંગીતો સંભળાતાં હતાં ને વાગી રહેલી વીણાઓ પાસે થઈને પસાર થઈ જતી હતી. સ્વર્ગીય સૂરે પ્રેમનાં ગીત ગવાતાં હતાં. સાંધ્ય સુરખીએ શોભતી સુરધામોની ગિરિમાલાઓ ને નીલ ગગનનાં સ્તોત્રગાન કરતાં નાચતાં કૂદતાં ઝરણાંઓ ઝંકારથી આનંદિત કરી દેતાં હતાં. પ્રાણના દેવતાઓના આ સ્વર્ગોએ અશ્વપતિનો ઉદાર સત્કાર કર્યો.

કાળને હૃદયે પ્રસ્ફુટ થયેલું સર્વ ત્યાં પૂર્ણાવસ્થાને પ્રાપ્ત થયેલું હતું. શાંતિ ત્યાં વિલાસી પવિત્રતાના રોમહર્ષનું રૂપ લેતી. પ્રેમનાં ગુલાબી સ્વપ્નાં ત્યાં સિદ્ધ થયેલાં હતાં. શક્તિને એનાં ચિંતનોનાં શિખરો સાંપડયાં હતાં. કામનાએ સવેગ આરોહતી જ્વાળાનું રૂપ લીધું હતું. પ્રમોદે દેવોનું પરિમાણ પ્રાપ્ત કર્યું હતું. સ્વપ્ન તારકમંડલને માર્ગે વિહરતું હતું. સામાન્ય વસ્તુઓ પણ ચમત્કારી બની ગઈ હતી. બધું જ ત્યાં કોઈ એક જાદૂઈ કરામતે સુખમયતામાં પલટો પામી જતું. આત્માના લાંબા સંગ્રામ પછી વીર રાજાના ઘા ત્યાં રુઝાયા ને એને અમરોનો આરામ મળ્યો. દૃષ્ટિને દિવ્ય બનાવી દેતાં દૃશ્યો દેખાયાં, મનને અમર અને હૃદયને વિશ્વવિરાટ બનાવી દેતું

સંગીત સુણાયું, વિશ્વની નવરચના કરવાનું સામર્થ્ય ધરાવતા વિચારો મૌનનિલય-માંથી આવ્યા. અશ્વપતિના આત્માનું આભામંડળ આનંદનું બની ગયું. આકાશીય સાગરની શુકિત જેમ એનું શરીર શોભવા લાગ્યું. પ્રકાશના પારાવારો એના દેહનાં દ્વારો ઉપર ઊમટયા. એની માનવ માટીમાં દેવોની યોગ્યતા આવી. દાણચોરી કરીને માનવતામાં દિવ્યતા લાવવી ન પડે એવું સામર્થ્ય એનામાં આવ્યું. એનો આનંદનો અનુભવ અશ્રાંત બની ગયો. આત્મા ને શરીર એકાકાર બની જઈ જ્યાં પરમ મુદા માણે છે તે સમાધિલય સહજ બની ગયો.

અશ્વપતિની દૃષ્ટિ હવે આપોઆપ અધ્યાત્મ શકિત ખેંચી લેતી બની ગઈ; એના શબ્દમાં આત્માનું સામર્થ્ય આવ્યું; એની ઇન્દ્રિયો અગોચરે પહોંચવાનો માર્ગ બની ગઈ; એનો પાર્થિવ સ્વભાવ નવો જન્મ પામી સ્વર્ગનો સહચારી બની ગયો. કાલાતીત દિવ્ય રાજાધિરાજોનો એ સખા ને પ્રાણવંત પ્રભાકરોનો સમોવડિયો બની ગયો. અજન્માની સાથે એણે રમતોમાં ભાગ લેવા માંડયો; અદૃષ્ટ રહેતા લીલા-ધરના એણે કર્ણે જપ સુણ્યા; મોહિનીથી હૃદયને મુગ્ધ કરતો સૂર એણે સાંભળ્યો ને એ પ્રેમના પ્રભુના હૈયા પ્રત્યે આકર્ષાયો. સ્વર્ગની સરિતોની જેમ મુદાનું મધુ એની નસેનસમાં વહેવા લાગ્યું. એનું શરીર પરમાત્માના અમૃતનું પરમ પાત્ર બની ગયું. અવિજ્ઞાત આનંદોની ધારે એ પહોંચી ગયો. એક અલૌકિક સ્પર્શે એના હૃદયને ચકિત બનાવી દીધું. અદ્ભુતસ્વરૂપના આશ્લેષમાં એ લેવાઈ ગયો. પ્રેમનું રૂપ લઈ અનંતતા એની પાસે આવી અને કાળના શરીર પર એનો હસ્ત સ્થપાયો.

અનંતતાઓમાંથી ઊતરી આવતો જરાજેટલોય ઉપહાર જીવનને પારાવાર આનંદ આપી જાય છે, પરાત્પરનું પ્રતિબિંબ ઝિલાય છે. એક ભીમકાય બ્રહ્માનંદનું બિન્દુ અજ્ઞેયમાંથી ઊતર્યું અને અશ્વપતિનાં અંગો એમાં નિમગ્ન બની ગયાં. રાજાનો આત્મા મહાસુખનો મહસો-ભર્યો મહાસાગર બની ગયો. માધુર્યપૂર્ણ અર્ચિષ્માન વિરાટોમાં રાજા ગરક થઈ ગયો. મર્ત્ય માટીને શીર્ણવિશીર્ણ કરી નાખે એવો નિર્વિશેષ આનંદ, દેવો જ જેને ધારવાને સમર્થ છે એવો પ્રહર્ષ એણે ધારણ કર્યો. અમર પ્રમોદે એને પોતાના તરંગોથી નવડાવી પાવન બનાવી દીધો અને એના બળને અમર શકિતમાં રૂપાંતર પમાડી દીધું. અમૃતત્વે કાળનો કબજો લીધો અને જીવનનો ભાર વહેવા માંડયો.